મહત્તમ : ૪૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૨૧ ટકા

ગાંધીનગર તાપમાન

# શિક્ષિત પાટનગરની શરમજનક ઘટના

**નિવૃત્ત થઈ ગયેલો હવસખોર વૃધ્ધ પડોશમાં રહેતી ૮ વર્ષની બાળકીને મંદિરના બગીચે લઈ ગયો ને મોબાઈલમાં પોર્ન કલીપ બતાવી શારિરીક અડપલા કરવા લાગ્યો...! : રાત્રે ઘરે આવેલી દીકરીને સતત ગભરાટ અનુભવતી જોઈ માતાએ કારણ પુછયું તો બાજુવાળા દાદાએ કરેલા કાંડ બહાર આવ્યા : હવસખોર વૃધ્ધને સ્થાનિકોએ ઢોર માર માર્યો : વૃધ્ધની ધરપકડ : સેકટર-૬માં બનેલી ઘટના**

ગાંધીનગર, તા.૧૫

જે રાજયમાં સ્ત્રી સશકિતકરણ, સ્ત્રી ઉત્થાન અને સ્ત્રી સલામતીની મોટી મોટી વાતો થાય છે તે જ રાજયના પાટનગરમાં બાળકીઓ પર બળાત્કાર અને શારિરીક અડપલાના કિસ્સાઓ બની રહ્યા છે. થોડા સમય પહેલા પેથાપુરમાં એક બાળકી ઉપર બળાત્કાર ગુજારી હવસખોરો ફરાર થઈ ગયા હતા. આ પ્રકરણમાં હજુ બળાત્કારીઓ પોલીસને હાથ આવ્યા નથી ત્યાં પાટનગરમાં જ પૌત્રી સમાન આઠ વર્ષની બાળકી ઉપર નજર બગાડી હવસખોર વૃધ્ધે તેણીની સાથે શારિરીક અડપલા કર્યા હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. શિક્ષિત પાટનગરની શરમજનક ઘટના અંગે વાત કરીએ તો નિવૃત્ત થયેલો આ વૃધ્ધ પડોશમાં રહેતી ૮ વર્ષની બાળકીને મંદિરના બગીચે લઈ ગયો ને મોબાઈલમાં પોર્ન કલીપ બતાવી બાળકીના પ્રાઈવેટ પાર્ટમાં અડપલા કરવા લાગ્યો હતો. વૃધ્ધે આચરેલા આ કૃત્યની જાણ થતા સ્થાનિકોએ ફિટકાર વર્ષાવી વૃધ્ધને ઢોર માર મારી હોસ્પિટલ ભેગો કરી રોષ ઠાલવ્યો હતો. સે-૭ પોલીસે ભોગ બનનાર બાળકીની માતાની ફરિયાદ આધારે હવસખોર વૃધ્ધ સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી લીધી છે.

મળતી મહિતી મુજબ સેકટર-૬માં રહેતા ૬૦ વર્ષીય વૃધ્ધ કરશન (નામ બદલેલ છે) નિવૃત્ત થયેલા છે. તેની દિકરીના દિકરા (દોહીત્ર)ને રોજ સાંજે આ દાદ સેકટરના જ મંદિરે ફરવા લઈ જતા હતા. કયારેક કયારેક પડોશમાં રહેતી ૮ વર્ષની બાળકી કોમલ (નામ બદલેલ છે) ને પણ દોહીત્રની સાથે સાથે આ દાદા ફરવા લઈ જતા હતા. રવિવારે સાંજે આઠેક વાગ્યે કરશનદાદા પડોશમાં રહેતી કોમલને મંદિરે લઈ ગયા હતા અને મંદિરની બાજુમાં આવેલા બગીચામાં પણ ફરવા લઈ ગયા હતા. થોડા સમય પછી કોમલને ઘરે મુકી દાદા પણ પોતાના ઘરે જતા રહ્યા હતા. કોમલ રાત્રે મોડા સુધી જાગતી પડી હતી તેણીનો ચહેરો ગભરાહટભર્યો દેખાઈ આવતો હતો. મમ્મીએ કોમલને રાત્રે શાંતિથી પુછયું કે શું થયુ છે? ત્યારે રડતા રડતા કોમલ બોલવા લાગી કે બાજુવાળા કરશનદાદા મને મંદિરે લઈ ગયા અને ત્યાંથી બગીચામાં લઈ જઈ અંધારામાં મોબાઈલમાં ગંદુ ગંદુ બતાવતા હતા.. અહીંથી વાત શરુ કરીને કોમલ સાથે હવસખોર વૃધ્ધે જે જે કૃત્ય કર્યું તે બધું જ કહી દીધું...! છેલ્લે ઘરે કોઈને આ વાત ના કહેવાની પ્રોમીશ દાદાએ માંગી...એ પણ કહ્યું. પરિવારને આ ઘટનાની જાણ થઈ અને સ્થાનિકોને પણ ખબર પડી એટલે સ્થાનિકોનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો. સ્થાનિકોએ ભેગા થઈને હવસખોર વૃધ્ધના ઘરે જઈ બરાબર મેથીપાક ચખાડી હોસ્પિટલ ભેગો કરી દીધો હતો. આ ઘટના અંગે કોમલની માતાની ફરિયાદ લઈ સેકટર-૭ પોલીસે વૃધ્ધ સામે ગુનો દાખલ કરી આજે સાંજે તેની ધરપકડ કરી લીધી છે. સેકન્ડ પી.આઈ. જે.ડી. મેવાડાએ સમગ્ર ઘટના અંગે વધુ તપાસ શરુ કરી છે.

## ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્રના ૧૮ કર્મચારીઓને ટેબલેટ વિતરણ કરાયા

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર ખાતે તા.૧૪ મે ને સોમવારના રોજ ક્ષય કચેરી ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એન.એસ. સોલંકી અને જિલ્લા ક્ષય અધિકારી ડો. મીનાબેન ચૌહાણના અધ્યક્ષ સ્થાને જિલ્લા ક્ષય વિભાગમાં કામ કરતા કર્મચારીઓને ૧૮ ટેબલેટ વિતરણ કરાયા હતા.

ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર ખાતે ફરજ બજાવતા એસટીએસ, એસટીએલએસ, ડીપીએસ અને ટીબીએચવી તેમજ ફાર્માસીસ્ટ સહિતના કર્મચારીઓને ટેબલેટ વિતરણ કરવામાં આવ્યા હતા. આ આધુનિક સુવિધાના ઉપયોગને લીધે દર્દીને સમયસર ઓનલાઈન વેબ સાઈટ પર નોંધી શકાશે અને ટીબીને નાબુદ કરવા માટે આ આધુનિક ઉપકરણો ખુબ જ ઉપયોગી થાય છે. તેવું જિલ્લા આરોગ્ય અધિકારી ડો.એમ.એચ. સોલંકીએ તેમજ ડો. મીનાબેન ચૌહાણે જણાવ્યું છે.



## શહેરના સેકટર-૨૯ ખાતે એરફોર્સ કવાટર્સમાં ઘરફોડીયાઓ ત્રાટકયા

**બંધ મકાનનો દરવાજો તોડી સોના ચાંદીના દાગીના અને રોકડ સાફ કરી ઘરફોડીયા ફરાર**

ગાંધીનગર, તા.૧૫

શહેરના સેકટર-૨૯ ખાતે એરફોર્સ કવાટર્સમાં ઘરફોડીયાઓએ બંધ મકાનને ટાર્ગેટ બનાવી હાથફેરો કર્યો હતો. એરફોર્સમાં નોકરી કરતો કર્મચારી બાધા પુરી કરવા પરિવાર સાથે અંબાપુર ગયો હતો તે અરસામાં તસ્કોરએ તેમના બંધ મકાનનો દરવાજો તોડી તિજોરીમાંથી સોના ચાંદીના દાગીના અને રોકડ મળી રૂ. ૮૩,૫૦૦ની મત્તાની ચોરી કરી રફફુચક્કર થઈ ગયા હતા. સે-૨૧ પોલીસે ઘરફોડ ચોરી અંગે ગુનો દાખલ કરી ઘટનાની ઉંડી તપાસ શરુ કરી છે.

મળતી માહિતી મુજબ સેકટર-૨૯ ખાતે બ્લોક નં. ૧૦૩/૦૩માં બી-ટાઈપમાં રહેતા રાજેશભાઈ ધુળાભાઈ પરમાર મુળ અંબાપુરના વતની છે અને એરફોર્સમાં નોકરી કરે છે. ૧૩મી મે એ રાજેશભાઈ તેમના પરિવાર સાથે નવી રીક્ષા લઈને બાધા કરવા અંબાપુર ગયા હતા. ૧૪મી તારીખે પરત આવ્યા અને જોયું તો મકાનનો મુખ્ય દરવાજો તુટેલો હતો. દરવાજો તોડી તસ્કરોએ લોખંડની તિજોરીનું લોકર તોડી અંદરથી કિંમતી માલમત્તાની ચોરી કરી હતી. રૂ. ૪૫ હજાર રોકડા તથા સોના ચાંદીના દાગીના મળી તસ્કરો કુલ રૂ. ૮૩,૫૦૦ની કિંમતની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ મામલે રાજેશભાઈએ સે-૨૧ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને સઘન તપાસ હાથ ધરી છે.

## આશ્રમશાળાના કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ આપવા માંગ

**વિવિધ પડતર માંગણીઓ સાથે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીને આવેદનપત્ર અપાયું**

ગાંધીનગર, તા.૧૫

આજે ગાંધીનગર ખાતે રાજયની આશ્રમશાળાના કર્મચારીઓએ તેમને સાતમા પગારપંચનો લાભ આપવા સહિતની પડતર માંગણીઓને અનુલક્ષીને સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમારને આવેદનપત્ર આપ્યું હતું. આવેદનપત્રમાં કર્મચારીઓ દ્વારા વિવિધ પ્રશ્નોનું નિરાકરણ લાવવા માંગ કરી છે.

આશ્રમશાળામાં સંસ્થાના ખરાબ વહીવટને કારણે બાળકોની સંખ્યામાં ઘટ પડે અથવા અન્ય કારણોસર આશ્રમશાળા બંધ કરવી પડે તો તેના ફાજલ પડતા શિક્ષકોને સરકારે રક્ષણ આપવું તેવી માંગ આશ્રમશાળાના શિક્ષકો દ્વારા કરવામાં આવી છે. વળી, આશ્રમશાળામાં મોટા ભાગના શિક્ષકો શિક્ષક કમ ગૃહપતિની ફરજ નિભાવે છે. આ બંને જવાબદારીના કારણે તેમનું કાર્ય ૨૪ કલાકનું થઈ જાય છે. આમ ૨૪ કલાક જવાબદારી નિભાવવાને કારણે માનસિક તણાવનો ભોગ બને છે જેની સીધી અસર બાળકોના શિક્ષણકાર્ય પર પડે છે આથી સરકાર દ્વારા ગૃહપતિની અલગ નિમણુંક કરવામાં આવે અને શિક્ષકોને ગૃહપતિની ફરજમાંથી મુકત રાખવામાં આવે જેથી તે બાળકોના શિક્ષણ પર વધુ ધ્યાન આપી શકે તેવી રજૂઆત આશ્રમશાળાના શિક્ષકોએ કરી છે. આ સાથે રાજય સરકારના તમામ વિભાગોના કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ આપવામાં આવ્યો છે. આ લાભથી આશ્રમશાળાના કર્મચારીઓને બાકાત રાખવામાં આવ્યા છે. જે સત્વરે આપવા માંગ કરવામાં આવી છે. આશ્રમશાળાના કર્મચારીઓએ રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલને પણ આવેનદપત્ર આપવા પ્રયાસ કર્યો હતો પરંતુ તેઓ રૂબરૂ ના મળી શકતા તેમનું આવેદનપત્ર નાયબ મુખ્યમંત્રી કાર્યાલયમાં આપી ફરત ફર્યા હતા.




## કલોલ શહેરમાં દરોડો પાડી એસઓજીએ ત્રણ જુગારીઓ પકડયા

**બીવીએમ રેલવે ફાટક નજીકથી રૂ. ૮૮૨૦ના મુદામાલ સાથે ત્રણ શકુનીની ધરપકડ**



ગાંધીનગર, તા.૧૫

જિલ્લામાં ચાલી રહેલી પ્રોહીબીશન અને જુગાર અંગેની સ્પેશ્યલ ડ્રાઈવને પગલે એસઓજીની ટીમે બાતમીદારો સક્રિય કર્યા છે. જે અંતર્ગત મળેલી બાતમી આધારે કલોલ શહેરમાં દરોડો પાડી એસઓજીની ટીમે ત્રણ શકુનીને જુગાર રમતા રંગે હાથ પકડી પાડયા હતા. રૂ. ૮૮૨૦ના રોકડ મુદામાલ સાથે બીવીએમ રેલવે ફાટક નજીકથી જુગાર રમતા ત્રણેયને પકડી પાડી એસઓજીએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એસઓજી પી.આઈ. પરેશ સોલંકીની ટીમના પીએસઆઈ બી.એમ. પટેલ તેમના સ્ટાફના માણસોની સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી મળી હતી કે કલોલ શહેરમાં બીવીએમ રેલવે ફાટક પાસે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. આ બાતમી આધારે એસઓજીની ટીમે દરોડો પાડી વરલી મટકાનો જુગાર રમાડતા ચંદ્રકાન્ત ઉર્ફે ચંદો ચિનુ શાહ, રિયાઝ અહેમદ ઉસ્માન મલેક અને કમલેશ દશરથ ભાવસાર મળીને ત્રણ જુગારીઓને રોકડ રૂ. ૮૮૨૦ના મુદામાલ સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.





શહેરમાં આજે ઠેક-ઠેકાણે ન્યાયના દેવતા શનિદેવની જન્મ જયંતિ પ્રાગટય દિનની શ્રધ્ધાપૂર્વક ભાવિકોએ ઉજવણી કરી હતી. અડાલજ શનિ સંકુલમાં વહેલી સવારથી જ ભાવિકો મોટી સંખ્યામાં દર્શનાર્થે ઉમટી પડયા હતા. ભાવિકોએ યજ્ઞ અને પૂજા અર્ચના કરી દર્શનનો લાભ લીધો હતો.

## પેથાપુર ખાતે રામી માળી સમાજનું ૧૪મું જીવનસાથી પસંદગી સંમેલન યોજાયુ

**આ સાથે કાર્યક્રમમાં સમાજના તેજસ્વી તારલાંઓ તથા દાતાઓનું સન્માન કરાયું**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરના પેથાપુર-રાંધેજા રોડ પર મોદી સમાજ સંચાલિત મોઢેશ્વરી ભવન ખાતે રવિવારે રામી માળી સમાજનો ૧૪મો જીવનસાથી પસંદગી મેળો યોજાયો હતો. આ સાથે સમાજના તેજસ્વી તારલાંઓ અને દાતાઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

રામી માળી જ્ઞાતિ સમૂહલગ્ન સમાજ મહેસાણા તથા માળી રામી સમાજ ગાંધીનગર દ્વારા સંયુક્ત ઉપક્રમે આયોજન ૧૪મા જીવનસાથી પસંદગી સંમેલનમાં લગ્નોત્સુક યુવક-યુવતીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. સમારંભમાં અધ્યક્ષ પદે નિવૃત્ત આચાર્ય બાબુભાઈ ખોડીદાસ રામી તથા મુખ્ય મહેમાન પદે પિયુષભાઈ રામી પાટણ, કાશ્મિરાબેન રામી દાસજ અને તેજલબેન રામી વિસનગર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં રામી માળી સમાજના તેજસ્વી તારલાઓનું તથા સમાજના દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન માળી રામી સમાજ ગાંધીનગરના પ્રમુખ પ્રવિણભાઈ રામીએ કર્યુ હતુ. કાર્યક્રમમાં સમાજના જ્ઞાતિબંધુઓએ મોટી સંખ્યામાં પરિવાર સહિત હાજરી આપી હતી.



## ઉનાળાની કાળઝાળ ગરમીમાં રાયસણ વિસ્તારમાં લાઈટ બંધ રહેતા નાગરીકોની હાલત કફોડી

**જીઈબી દ્વારા મહિનાની મરામતનો કાર્યક્રમ હોવાથી લાઈટ બંધ કરી હતી**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર આવેલા રાયસણ વિસ્તારમાં આજ સવારના ૬ થી બપોરના ૩ કલાક સુધી લાઈટ બંધ રહેવા પામી હતી. ઉનાળાની અંગ દઝાડતી ગરમીમાં સવારથી લાઈટો બંધ રહેતા નાગરીકોની હાલત કફોડી બની હતી. જેમાં સૌથી વધુ દયનીય હાલત તો નાના બાળકોની તેમજ વયોવૃધ્ધ નાગરીકોની થવા પામી હતી. જયારે સ્થાનિક રહીશો ગરમીથી બચવાના પ્રયત્નો કરી રહ્યા હતા.

ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો દિન પ્રતિદિન ઉંચો જઈ રહ્યો છે. શહેરમાં આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે. નગરજનો ગરમીમાં પસીનેથી રેબઝેબ થઈ રહ્યા છે. નગરના માર્ગો બપોરના સમયે સુમસામ થઈ જાય છે. તેવી સ્થિતિમાં નાગરીકો ગરમીથી બચવા પંખા, કુલર, એસી ઓન કરીને નાગરીકો ઘરમાં પુરાઈ રહે છે. ત્યારે આજે રાયસણ વિસ્તારમાં સવારના ૬ થી બપોરના ૩ કલાક સુધી લાઈટ બંધ રહેતા નાગરીકોની હાલત કફોડી બની જવા પામી હતી. ઉનાળાની કાળઝાળ ગરમીમાં સવારથી બપોર સુધીનો સમય નીકાળવો પણ સ્થાનિકો માટે મુશ્કેલીરૂપ બની રહ્યો હતો. નાગરીકો લાઈટ ન હોવાથી વૃક્ષો નીચે છાંયડામાં બેસીને પુંઠાથી પવન નાંખતા હતા. જયારે નાના બાળકો તેમજ વયોવૃધ્ધ નાગરીકોની હાલત કફોડી બની જવા પામી હતી. જો કે જીઈબી તંત્ર દ્વારા રાયસણ વિસ્તારની સોસાયટીઓ, બંગ્લોઝ, ફલેટ્સ, સહિતના ઘરોમાં તા.૧૫ ને મંગળવારના રોજ લાઈટ સવારના ૬ થી બપોરના ૩ કલાક સુધી બંધ રહેશે તેમ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે લાઈટ જીબીઈ તંત્ર દ્વારા મહિનાની મરામતની કામગીરીને લઈને બંધ કરવામાં આવી હતી. આગામી ચોમાસાને ધ્યાને લઈને કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં નડતર રૂપ ઝાડની ડાળીઓ દુર કરવામાં આવી હતી. તેમજ લાઈનનું રીપેરીગ કામ હાથ ધરાયું હતું. જો કે બપોરના નિયત સમય મુજબ લાઈટનો પુરવઠો કાર્યરત કરી દેવામાં આવતા નાગરીકોએ હાશકારો અનુભવ્યો હતો.

## વાતવાતમાં

● ગાંધીનગરના એસ.ડી. ડેપો ખાતે ડ્રાયવર કડંકટરનો હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ચરાડાના જાહેર આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓએ ચેકઅપની સેવાઓ પુરી પાડી હતી.

● વાવોલ વિસ્તારમાં ફરી એકવાર મધરાતે વિજળી વેરણ થવા પામી હતી. ઉનાળાની સીઝનમાં આશરે અડધાથી એક કલાક સુધી લાઈટો ગુલ રહેતા ગરમીથી વસાહતીઓ પરેશાન થઈ ઉઠયા હતા.

● જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી જ બિમાર પડી જતા તેઓ રજા પર ઉતરી ગયા છે.

● આજે ગાંધીનગરમાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી.

● આજે ગાંધીનગરના સીટી પલ્સ સિનેમામાં રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી મંત્રી મંડળના સાથીઓ અને વિશેષ આમંત્રિતો સાથે ફિલ્મ જોવા ગયા હતા. ફિલ્મ કલાકાર મનોજ જોશી પણ આ શોમાં મુખ્યમંત્રી સાથે જોડાયા હતા.

● જિલ્લા તંત્રના અધિકારીઓ મીટીંગો અને વિડીયો કોન્ફરન્સીંગમાં વ્યસ્ત રહેતા હોવાથી લોકોનો પ્રશ્નો ફાઈલોમાં જ અટવાયેલા પડી રહ્યા છે.

● ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો વધતાં લોકો હવે બપોરના સમયે ઘરે રહેવાનું વધુ પસંદ કરી રહ્યા છે પણ ઈવનીંગ વોકર્સની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે.

● ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરે મ્યુનિ. કમિશનર અને કલેકટરને પત્ર લખી શહેરમાં વધતા જતા દબાણો અંગે ચિંતા વ્યકત કરી છે.

## આજે એસટી ડેપો સામે જલસેવા કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૫

નવનિર્માણ સેવા દ્વારા જલ સેવા કેમ્પનું આયોજન તા. ૧૬ મે ને બુધવારના રોજ બપોરે ૧ કલાકે સેકટર-૭ સી એસટી ડેપો સામેની બાજુએ રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ પદે ભારતીય જનતા પાર્ટીના યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ ડો. રૂત્વિજભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

## વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા સમાજના વિદ્યાર્થીઓને ચોપડા વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૧૫

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ, ગાંધીનગર દ્વારા સમાજના સભ્યોના બાળકો જે કે.જી.થી લઈને ધો-૧૨ તેમજ ઉચ્ચ ક્ષેત્રે અભ્યાસ કરતા હોય તેમના માટે નોટબુક -ચોપડાનું વિતરણ સંસ્થાના કાર્યાલય ખાતેથી તા.૧૬-૫-૧૮ થી ૧૫-૬-૧૮ સુધી કાર્યાલય સમય દરમિયાન કરવામાં આવશે. દરેક સભ્યોએ પોતાના બાળકો માટે વહેલા તે પહેલાના ધોરણે માર્કશીટની નકલ રજુ કરી રાહતદરે નોટબુકો-ચોપડા કાર્યાલયમાંથી મેળવી લેવાના રહેશે. જયારે ધો-૧૦ અને ધો-૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નટુભાઈ ગજ્જર તરફથી વિના મુલ્યે નોટબુક-ચોપડા આપવામાં આવશે તેમ સંસ્થાના પ્રમુખે જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. હંસાબા અમરતજી ઠાકોર, ઉ.વ. ૫૩
- સ્વ. ગોહિલ મફતલાલ મોતીભાઈ, ઉ.વ. ૭૩